# ચણાનો ભાવ ટેકાના ભાવથી નીચે રહેવાની સંભાવના, કાપણી પછી તરત જ વેચાણ કરવાનો નિર્ણય ખેડૂતો લઈ શકે છે

વિશ્વમાં, આશરે ૫૦ જેટલા દેશોમાં વ્યાપક પ્રમાણમાં ચણાનું વાવેતર કરવામાં આવે છે. ભારત, દુનિયાના ઉત્પાદનમાં ૭૦ ટકા જેટલો ફાળો આપતો સૌથી વધુ ચણાનું ઉત્પાદન કરતો દેશ છે. ચણામાં પ્રોટીનનું પ્રમાણ ખુબજ વધારે હોઈ છે જેથી તે અનાજ આધારિત ખોરાક તરીકેની ગરજ સારે છે. છેલ્લા દાયકામાં ભારતમાં  ચણાના વાવેતરમાં સતત વધારો થયેલ છે, સને ૨૦૧૧–૧૨ માં ચણાનું વાવેતર ૮૩ લાખ હેક્ટરમાં થયેલ હતું, જે વધી ને ૨૦૨૧–૨૨ માં ૧૧૪ લાખ હેક્ટર જેટલું થવાનો અંદાજ છે. જો કે, વરસાદની અનિયમિતતા, પ્રતિકુળ હવામાન અને રોગના ઉપદ્રવ વગેરેને કારણે દેશમાં ચણાના ઉત્પાદનમાં વધ–ઘટ જોવા મળે છે.

ચાલું વર્ષ ૨૦૨૧–૨૨ માં દેશમાં ચણાના વાવેતર વિસ્તારમાં વધારો થવાથી અને પર્યાપ્ત વરસાદને કારણે કઠોળનું ઉત્પાદન વધીને વિક્રમ જનક ૨૬૯.૬ લાખ ટન જેટલું થશે (બીજો આગોતરો અંદાજ તા. ૧૬–૦૨–૨૦૨૨),  જે ગત વર્ષ (૨૫૪.૬ લાખ ટન) ની તુલનામાં લગભગ ૧૨ લાખ ટન (કે જેમાં ૧૦ લાખ ટન ગુજરાત માંથી) વધુ થશે. જે દેશની કુલ વપરાશ અંદાજે ૨૪૫ લાખ ટન કરતા ઘણું વધારે છે. ગુજરાતમાં ચાલું વર્ષે ચણાનું વાવેતર અંદાજે ૧૧ લાખ હેક્ટર જેટલું થયેલ છે જે ગત વર્ષે ૮.૧૬ લાખ હેક્ટર જેટલું થયું હતું અને પાક ની પરીસ્થિતિ પણ સારી રહેલ હોવાથી ઉત્પાદન પણ વધીને આશરે ૨૪ લાખ ટન જેટલું થશે. જે ગત વર્ષનાં (૧૪.૩૮ લાખ ટન) કરતા ૧૦ લાખ ટન જેટલું વધારે થશે.

દેશમાં સને ૨૦૧૯–૨૦ માં ૩.૭૧ લાખ ટન ચણાની આયાત થયેલ હતી, જે ઘટીને ૨૦૨૦–૨૧ માં ૨.૯૫ લાખ ટન થયેલ છે, અને નિકાસ પણ ૧.૫૯ લાખ ટન થયેલ છે. ભારતમાં સને ૨૦૧૯–૨૦ માં કુલ કઠોળની આયાત ૨૯.૯૮ લાખ ટન થયેલ. જે ઘટીને ૨૦૨૦–૨૧ માં ૨૫.૦૫ લાખ ટન થઈ છે. તેમજ ચાલુ વર્ષે એપ્રિલ થી ડિસેમ્બર ૨૦૨૧, સુધીમાં દેશમાં આશરે ૧.૮૦ લાખ ટન ચણા સહિત ૨૦.૪૭ લાખ ટન જેટલા કઠોળની આયાત થયેલ છે. આથી, ચણાનો ભાવ એપ્રિલ, ૨૦૨૦ માં મણના રૂ. ૮૦૦ જેટલો હતો, જે વધીને એપ્રિલ, ૨૦૨૧ માં મણના રૂ. ૯૬૦ થયો હતો. ત્યાર પછી ગુજરાતની વિવિધ બજારોમાં ફેબ્રુઆરી, ૨૦૨૨ સુધી થોડા ઉતર–ચઢાવ સાથે આ સ્તરે રહેલ છે. જે ચાલું વર્ષે પણ થોડી વધ–ઘટ સાથે આ સ્તરે રહેવાની ધારણા છે. ભારત સરકારશ્રીએ સને ૨૦૨૧–૨૨ ની રવિ ઋતુ માટે ચણાના ટેકાના ભાવ મણના રૂ. ૧૦૪૬ (ક્વિન્ટલદીઠ રૂ. ૫૨૩૦) નક્કી કરેલ છે, જે ગયા વર્ષે રૂ. ૧૦૨૦ હતો. સને ૨૦૨૦–૨૧માં નાફેડ દ્વારા દેશમાંથી ટેકાના ભાવે કુલ ૬.૨૮ લાખ ટન ચણાની ખરીદી કરવામાં આવી હતી, જે પૈકી ગુજરાત માંથી ૧.૪૮ લાખ ટન જેટલી ચણાની ખરીદી કરવામાં આવી હતી (જે કુલ ઉત્પાદનના આશરે ૧૦.૩૨ ટકા જેટલી થયેલ).

ઉપરોક્ત વિગતોને ધ્યાનમાં લઈ, કૃષિ અર્થશાસ્ત્ર વિભાગ, જૂનાગઢ કૃષિ યુનિવર્સીટી, જૂનાગઢની સંશોધન ટીમે દાહોદ માર્કેટિંગ યાર્ડનાં ચણાના ઐતિહાસિક માસિક ભાવનું વિશ્લેષણ કરેલ છે. જેના તારણ મુજબ એવું અનુમાન છે, કે **ચણાનો ભાવ માર્ચ – એપ્રિલ, ૨૦૨૨ દરમ્યાન કાપણી સમયે મણનાં રૂ. ૯૦૦ થી ૧૦૦૦ (ક્વિન્ટલદીઠ રૂ. ૪૫૦૦–૫૦૦૦) જેટલા રહેવાની સંભાવના છે.** જેથી ઉપરોક્ત પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને, પોતાની રીતે નિર્ણય કરીને ખેડૂતભાઈઓ ચણાનો સંગ્રહ ન કરતા કાપણી પછી તરત જ (શક્ય તેટલો જથ્થો ટેકાના ભાવે ખરીદ કેન્દ્રો ખાતે માર્કેટ યાર્ડમાં) વેચાણ કરવા સુચન છે.

દેશમાં કઠોળ પાકોનું વધુ ઉત્પાદન અને તેમાં પણ ખાસ કરીને ચણાના વધુ ઉત્પાદનને કારણે ભવિષ્યમાં ચણાના ભાવ વધવાની શક્યતા ઓછી છે. જો કે, ટેકાનો ભાવ બજારને સારો ટેકો આપશે.